Part 6, Chapter 4



પ્રકરણ (૪)

## સાત્વિક અભિનય અને સંસ્કૃત નાટ્યસાહિત્ય

પ્રસ્તુત પ્રકરણમાં સંસ્કૃત નાટ્યસાહિત્યમાં પ્રયોજાયેલા વિવિધ સાત્વિક ભાવો તેમજ નાયક-નાયિકાના સત્વજ અલંકારો તપાસવાનો ઉપક્રમ છે.

### સાત્વિક ભાવો

'અભિજ્ઞાન શાકુંતલ' નાટકના ત્રીજા અંકના નીચેના પદ્યમાં 'રોમાંચ' નામનો સાત્વિક ભાવ આલેખાયેલો જોવા મળે છે.

રાજા : પલકારો મારવાનું ભૂલી ગયેલી આંખે પ્રિયાને નિહાળું છું. એ યોગ્ય છે કેમ કે -

પદ રચતી ત્યાં ચ્હેરો
ભ્રમરવેલડી કરી ઉંચી એક
રોમાંચિત લમણાંથી
દાખે અનુરાગ મુજ પરનો
(અંક-૩ શ્લોક ૧૬)

અહીં શકુંતલા રોમાંચ અનુભવે છે તે દુષ્યન્તના મુખે કહેવાયું છે. રોમાંચિત લમણાં વડે રાજા પરત્વેનો અનુરાગ શકુંતલા દાખવે છે.

'અભિજ્ઞાન શાકુંતલ'ના ચોથા અંકમાં 'કન્યાવિદાય' પ્રસંગને આલેખતા પદ્યોમાં વિવિધ સાત્વિક ભાવોનું સુંદર નિરુપણ થયેલું જોવા મળે છે.

કાશ્યપ : 'જાશે આજ શકુન્તલા !' હૃદયને લાગ્યો અજંપો જ શો ।
રોક્યાં અશ્રુથી સાદ ગદ્ગદ થતો, ચિંતાથી ઝાંખું સુઝે.
આવી જો વનવાસીની વિકલતા સ્નેહેથી મારી અહો !
તો સંસારી પિડાય શા પ્રથમ હા પુત્રીવિયોગે દુઃખે.
(અંક ૪/શ્લોક ૮)
(અનુ: શ્રી ઉમાશંકર જોષી)

આજે શકુંતલા જશે એ વિચારે કાશ્યપના હૃદયને બેચેની સ્પર્શી છે, આંસુનો વેગ

રોકવાથી કંઠ રુંધાયો છે. બધી ઇન્દ્રિયોનું દર્શન ચિંતાને લીધે ધુંધળું બન્યું છે. પોતાની પુત્રીને સાસરે વિદાય આપતા પિતાની વ્યથા નટે 'ભાવઐક્ય' વિના જીવંત કરી શકે નહિ. અહીં કન્યાવિયોગની ક્ષણોમાં કાશ્યપના કંઠનું સ્તંભિત થઇ જવું, અશ્રુ ઉભટી આવવા, ચિન્તાથી દૃષ્ટિ જડ થઇ જવી, વિકળતા અનુભવવી વિગેરે સાત્વિક ભાવોનો નિર્દેશ કરે છે. અહીં અશ્રુ, સ્વરભેદ, સ્તંભ, પ્રલય વિગેરે સાત્વિક ભાવો આલેખાયેલા છે.

પ્રિયંવદાની નિમ્નોક્તિમાં પણ અશ્રુ નામક સાત્વિક ભાવનું સુંદર આલેખન છે.

પ્રિયંવદા: કેવળ સખીનેજ તપોવનના વિરહથી દુ:ખ થાય છે એમ નથી. જેને તારાથી છુટા પડવાનું આવી લાગ્યું છે એવા તપોવનની પણ એવીજ અવસ્થા જણાય છે.

દર્ભ કોળિયા કાઢી દે હરણાં, મોર નાચવું છાંડે
ખેરવી પીળાં પર્ણો સારે શું અશ્રુવેલીઓ ।

(અંક ૪/શ્લોક ૧૪(અનુ:શ્રી ઉમાશંકર જોષી))

શકુંતલા રડતી પ્રસ્થાન કરે છે ત્યારે કાશ્યપ કહે છે -

કાશ્યપ: વત્સે રડવું રહેવા દે । સ્થિર થા. આ રસ્તા તરફ નજર રાખ.

રુંધાય નેત્ર તુજ પાંપણ ઉંચકેલાં,
અશ્રુપ્રવાહ થકી, તે સ્થિર થૈ તું ખાળ,
દેખાય ના અવનિના અહીં ભાગ ઉંચા -
નીચા, પડે લથડતાં પગલાં જ તારાં.

(અંક ૪/શ્લોક ૧૭ (અનુ:શ્રી ઉમાશંકર જોષી))

આમ કન્યાવિદાયના પ્રસંગના આલેખનમાં કાલિદાસે સાત્વિક ભાવોનો છુટથી વિનિયોગ કર્યો છે.

'અભિજ્ઞાન શાકુંતલ' ના છઠ્ઠા અંકમાં કંચુકી, દુષ્યન્તનું (પશ્ચાતાપને યોગ્ય વેશમાં થતા પ્રવેશને અનુલક્ષીને) જે વર્ણન કરે છે તેમાં 'વૈવર્ણ્ય' નામ સાત્વિક ભાવનું આલેખન થયેલું છે.

કંચુકી (રાજાને જોઇને):...

ત્યાગ્યાં મંડન ખાસ સૌ, કનકનું ડાબે પ્રકોષ્ઠે કડું
ધાર્યું એકજ, ને થયો અધર છે ફીકો નિસાસા થકી,
ચિંતા-જાગરણે સુરક્ત નયનો - લાગે સ્વતેજો ગુણે
ના તે ક્ષીણ પરંતુ કો મણિ મહા જાણે સરાણે ઘસ્યો.

(અંક ૬/શ્લોક ૬)

અહીં 'રાજાના અધરનો રાતો રંગ નિ:શ્વાસથી ઉડી ગયો છે' એવા કથનમાં વૈવર્ણ્ય ભાવ સુચવાયો છે.

એજ અંકમાં 'સ્વેદ' સાત્વિક ભાવનું આલેખન થયેલું જોવા મળે છે. રાજા પોતે દોરેલું શકુંતલાનું ચિત્ર જોઇ બોલે છે -

રાજા: નિપુણ છે તું, આ અહીં મારા ભાવની નિશાની છે.

દીસે રેખા છેડે સ્વેદવાળી અંગુલી મલિન મુકી
ગાલે પડેલું અશ્રુ આ જણાય પટ ઉપસવાથી

(અંક ૬/શ્લોક ૧૫)

અહીં રેખાંકનના છેડાઓ પર પરસેવાવાળી આંગળીની મલિન છાપ દેખાય છે. રાજાની આંગળીએ વળેલા સ્વેદને કારણે ચિત્ર પર આંગળીની મલિન છાપ ઉપસે છે.

કાલિદાસ કૃત 'માલવિકાગ્નિમિત્ર' માં વૈવર્ણ્ય ભાવના આલેખનના બે સુંદર ઉદાહરણો મળી આવે છે. ત્રીજા અંકમાં રાજા અગ્નિમિત્ર, વિરહને કારણે માલવિકાના ફીકા પડી ગયેલા કપોલ 'પાણ્ડુગણ્ડસ્થલ' નું વર્ણન કરતાં કહે છે -

બહુગર્ભ પાંખરાજી
કપોલ, આભુષણે વિરલ, -જાણે
હોય વસન્તે દુભવી
ફુલ દલ છિનવી જ કુન્દલતા

(અંક ૩/શ્લોક ૮ (અનુ: બલવન્તરાય ઠાકોર))

અહીં સરપંખાના થડ જેવા સફેદ કપોલ વિરહજનિત વૈવર્ણ્યતાનું સુચન કરે છે.

એજ નાટકના ચોથા અંકમાં અગ્નિમિત્ર કોપાયમાન થયેલી ઈરાવતીનું વર્ણન આ પ્રમાણે કરે છે -

રાજા: બરોબર. અઘટિત કોપ ત્હને ન જ છાજે. જો

અકારણે તવ વદને ચડે કદી,
સ્મિતાન્ને, પણ શું વિકાર કોપનો ?
ન જોણ ને વિધુદવના વિભાવરી,
બને કદી કલુષિત રાહુછાયથી ?

(અંક ૩/શ્લોક ૧૬ (અનુ:બલવન્તરાય ઠાકોર))

અહીં 'પૂર્ણિમાં વિના રાત્રિ, રાહુના ગ્રાસથી કલુષિત ચંદ્રમંડળવાળી કેવી રીતે બને' એમ કહી, રાજા કોપને કારણે ઈરાવતીના મુખનો રંગ બદલાઈ ગયાનું આકર્ષક સુચન કરે છે જે મુખવૈવર્ણ્ય સાત્વિક ભાવના આલેખનનું ઉદાહરણ છે.

આમ કાલિદાસના નાટકોમાં સાત્વિક ભાવોના આલેખનના અનેક સુંદર ઉદાહરણો મળી આવે છે. ભવભુતિએ વિવિધ સાત્વિક ભાવો રંગનિર્દેશમાં આલેખ્યા છે જેના વિશેની છણાવટ આ અગાઉ આંગિક અભિનયના નિરુપણમાં કરવામાં આવી છે.

## નાયિકાના સત્વજ અલંકારો

'અભિજ્ઞાન શાકુંતલ'ની નાયિકા શકુંતલાના સત્વજ અલંકારો સુંદર રીતે આલેખાયા છે. પ્રથમ અંકમાં તે નિર્દોષ કુંવારિકા અને મુગ્ધા સ્વરુપે રજુ થાય છે. રાજાના પ્રથમ દર્શને તેની સ્વાભાવિક વિનમ્રતા, (રાગના પ્રથમ અનુભવે) કામેચ્છા અને યૌવન સહજ લજ્જામાં પરિણમે છે. રાજાને જોઈ તેના મનમાં જાગેલા નવીન ભાવોના સંદર્ભમાં તે પોતાની જાતને પુછે છે -

શકુંતલા (આત્મગત) આ માણસને જોઈને તપોવનને વિરોધી એવા વિકાર મારામાં કેમ જાગે છે ?

અહીં રાગાત્મક અનુભુતિની પ્રથમ અભિવ્યક્તિ છે માટે 'ભાવ'નામક સત્વજ અલંકારનું ઉદાહરણ બને છે. સખી અનસુયા, રાજાને તેઓ કયા રાજર્ષિવંશના અને કયા

દેશના વાસી છે તેની પૃચ્છા કરે છે. રાજા પોતાનો પરિચય આપે છે. ત્યારે રંગનિર્દેશમાં સુચવાયું છે તેમ 'શકુંતલા શૃંગાર લજ્જાનો અભિનય કરે છે.' અહીં 'હેલા' સત્વજ અલંકારની અભિવ્યકિત સધાઈ છે. ત્યાર પછી રાજા અને સખીઓ વચ્ચે ચાલતા સંભાષણ દરમ્યાન રંગનિર્દેશમાં સુચવાયું છે તેમ 'શકુંતલા નીચું મો કરી ઉભી રહે છે'. તે જવા જાય છે એટલે પ્રિયંવદા તેને રોકી ' આ રીતે જવું તે બરોબર નથી' એમ કહે છે. ત્યારે રંગનિર્દેશ પ્રમાણે શકુંતલા 'શ્રૃં ભંગ સાથે' તેને પુછે છે ! કેમ વારુ '. આગળ રાજા શકુંતલાને ધારીને જોઇ આત્મગત બોલે છે.

રાજા: મારું જેમ એને વિષે છે તેમ એનું પણ મારીપ્રત્યે હશે ? અથવા મારા મનોરથને અવકાશ મળ્યો છે, કેમ કે -

હું બોલું ત્યાં નવ ભળી જતી વાતમાં છો,
સામે જ કાન ધરતી પણ, બોલું ત્યારે
મારી ન સંમુખ ભલે જરી ઉભતી તે
બીજે તથાપિ બહું દૃષ્ટિ ન જાય એની.

(અંક ૧/૨૯ (અનુ:શ્રી ઉમાશંકર જોષી))

આમ રાજા સાથેના પ્રથમ મિલનમાં શકુંતલા કાન્તિ, દીપ્તિ, બિબ્બોક, વિભ્રમ સત્વજ અલંકારો પ્રગટ કરે છે. પ્રિયતમના વિચારોમાં સતત ખોવાયેલી રહી અન્યમનસ્ક બને છે. આ અન્યમનસ્કતા 'મોટ્ટાયિત' સત્વજ અલંકારનું ઉદાહરણ છે. આ અન્યમનસ્કતાને લીધેજ શકુંતલા અંતે દુર્વાસાના શાપને પામે છે.

પ્રથમ અંકમાં શકુંતલાના 'માધુર્ય' નામક સત્વજ અલંકારનું વર્ણન નીચેના પદ્યમાં મળે છે.

રાજા: કમલ રુચિર લાગે વીંટયું શેવાળથીય,
મલિન તદપિ ચન્દ્રે દેતું શોભા કલંક,
અધિક મન ગમે આ વલ્કલેયે કૃશાંગી,
શું નહિ મધુર મુર્તિને અલંકાર રુપ ?

(અંક ૧/૧૯ (અનુ: શ્રી ઉમાશંકર જોષી))

બીજા અંકમાં રાજા દુષ્યન્ત, શકુંતલાના રુપ, ભોગ અને તારુણ્યથી વધી ગયેલા અંગોના ઔદાર્યના સૂચક 'શોભા' નામક સત્વજ અલંકારનું વર્ણન નીચે જણાવેલા પદ્યમાં કરે છે.

રાજા : ન-સુંઘેલું પુષ્પ, પ્રસૂન અણચૂંટેલું નખ વડે,
ન-વીંધેલું મોતી, મધ ન-રસ-ચાખેલું નવલું,
અને પુણ્યો કેરા ફલ સકલ-શું રુપ અનઘ,
અહીં ભોક્તા કોને વિધિ ઠરવશે - જાણું નવ તે.

(અંક ૨/શ્લોક ૧૦ (અનુ:શ્રી ઉમાશંકર જોષી))

ત્રીજા અંકમાં રાજા સાથેના મિલનમાં શકુંતલા કુટ્ટમિત સત્વજ અલંકાર પ્રકટ કરે છે.

આમ અભિજ્ઞાન શકુંતલ'માં નાયિકા શકુંતલાના સત્વજ અલંકારો સુંદર રીતે આલેખાયેલા છે.

'માલતી માધવ'માં માલતીની નિમ્નોકિતમાં ધૈર્ય નામક સત્વજ અલંકાર નિરુપાયેલો જોવા મળે છે.

માલતી : પ્રત્યેક રાત્રિએ આકાશમાં સંપૂર્ણ કળાવાળો ચંદ્ર ભલે પ્રકાશે,
કામદેવ ભલે બાળતો (તે બે) મરણ કરતાં અધિક શું કરશે.
મારા પૂજ્ય પિતાજી, નિર્મળ વંશની માતા, નિષ્કલંક કુળ મને તો પ્રિય છે,
આ વ્યકિત (માધવ) પણ નહિ કે (મારું) જીવન પણ નહિ.

(અંક ૨/શ્લોક ૨)

'માલતી-માધવ'માં આવતી માધવની નિમ્નોકિત માલતીના વિલાસ નામના સત્વજ અલંકારનો નિર્દેશ કરે છે.

માધવ : એ પછી કમળ જેવા નયનવાળી તેનું અવર્ણનીય, વાણીના વૈભવને ટપી જનારા વૈચિત્ર્યવાળું, જેમાં વિભ્રમ ઉત્પન્ન થયો છે તેવું, પુષ્કળ સાત્વિક વિકારોવાળું, જેણે ધીરતા ગુમાવી છે તેવું, વિજયશીલ, કામદેવને લગતું પેલું જાણીતું શિક્ષણકાર્ય પ્રગટ થયું.

(અંક ૧ /શ્લોક ૨૬)

'મહાવીરચરિત'માં શ્રી રામમાં નીચ પરત્વેની ઘૃણા સ્વરુપ 'શોભા'નામનો સત્વજ અલંકાર નિમ્નોકિતમાં જોવા મળે છે.

'તાડકાના ભયંકર ધમપછાડા વિગેરે ઉત્પાતો છતાં તેને સંહારવા માટે નિયુકત રામચન્દ્ર જરા પણ ભયભીત થયા નહિં.'

'મહાવીરચરિત'માંજ શ્રી રામના શૌર્ય-દક્ષતા સ્વરુપ 'શોભા'નામક સત્વજ અલંકાર નિમ્નલિખિત ઉકિતમાં જોવા મળે છે.

' રામે સહજે વૃજથી પણ કઠોર તથા ત્રિપુરાસુરનો વધ કરનારા શંકરના એ ધનુષ્યને કે જેણે દેવતેજ વડે પર્યાપ્ત ગુરુતા પ્રાપ્ત કરી હતી તેને હાથમાં ગ્રહી એવી રીતે તોડી નાખ્યું, જેવી રીતે પર્વત શૃંગ પર ઉભેલો તીવ્ર શકિત સંપન્ન ગજશાવક પોતાની ભુજાઓ વડે વૃક્ષોને તોડી નાખે છે.''

મહાવીર ચરિતમાં 'પ્રાયશ્ચિત્તં ચરિષ્યામિ' ઉકિતમાં સ્થૈર્ય નામક નાયકગત સત્વજ અલંકાર નિરુપાયેલો છે.

આમ ભરતમુનિ તેમજ તેમના પછી થઇ ગયેલા નાટ્યાચાર્યોએ નિરુપેલા સાત્વિક ભાવો તથા સત્વજ અલંકારોના દૃષ્ટાંતો સંસ્કૃત નાટ્ય સાહિત્યમાં પણ મળી આવે છે.